# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

******************************************************

1) કેન્દ્ર સરકારે આસામમાં માળખાકીય ક્ષેત્રના વિકાસ માટે 3 લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે.
2) ગુજરાતના પોલીસ વડાએ ૧૦૦ કલાકમાં અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સુચના આપી
3) કેન્દ્ર સરકારે ગ્રાહકોને વધુ અધિકાર સંપન્ન બનાવવા માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવી છે.
4) ઇંગ્લેન્ડની સેન્ટ્રલ બેન્કીંગ સંસ્થાએ ડિજીટલ પરિવર્તન પુરસ્કાર 2025 માટે RBI ની પસંદગી કરી છે.
5) રશિયાની ટેનિસ ખેલાડી મીરા આંદ્રિવાએ ઇગા સ્વાઇતેકને પરાજય આપીને ઇન્ડિયન વેલ્સ ટેનિસ સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. AMIT SHAH- ASSAM -MIZORAM

કેન્દ્ર સરકારે આસામમાં માળખાકીય ક્ષેત્રના વિકાસ માટે ૩ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમજ કેન્દ્ર સરકારે રાજ્યના તમામ ઉગ્રવાદીજૂથો સાથે મંત્રણાનો અભિગમ અપનાવ્યો હોવાથી રાજ્યમાં શાંતિની પુનઃ સ્થાપના થઇ છે અને આસામ વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે આસામના દેરગાવમાં અદ્યતન લચિત બરફૂકન પોલીસ અકાદમીનું ઉદ્ઘાટન અને પોલીસ અકાદમી માટે ગૃહનિર્માણ યોજનાનો શિલાન્યાસ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આવતીકાલે શ્રી અમિત શાહ ઇશાન ભારતના રાજ્યોમાં નવા ફોજદારી ધારાઓના અમલીકરણની સમીક્ષા માટે ગુવહાટી ખાતે યોજાનારી ખાસ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકમાં ઇશાન ભારતના રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# REV. AMIT SHAH MIZORAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામ રાયફલનું વડુમથક ઐઝવાલથી ખસેડીને જોખાવસાંગ ખાતે ખસેડવાના નિર્ણયને મિઝોરમના વિકાસ માટે મહત્વનો નિર્ણય ગણાવ્યો છે. શ્રી શાહે ઇશાન ભારત વિસ્તાર અને દેશના અન્ય સ્થળો સાથેનું સામાજીક જોડાણ વધુ મજબૂત બનાવવા

તેમજ ઇશાન ભારતમાં સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે ....

(બાઇટ- અમિત શાહ, મિઝોરમ)

. . . . . . . . . . . . . . . .

## ANTI SOCIAL ELEMENTS LIST IN 100 DAYS

ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાયે આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સુચના આપવામાં આવી છે.

આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે તાકીદની બેઠકમાં શ્રી સહાયે, આ મુજબ સૂચના આપી હતી.

આ અંગે તેમણે  વધુ માહિતી આપી..

(BYTE : VIKAS SAHAY, DGP)

. . . . . . . . . . . . .

## JOSHI-CONSUMER RIGHTS

કેન્દ્ર સરકારે ગ્રાહકોને વધુ અધિકાર સંપન્ન બનાવવા માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થામાં સુધારો કરીને તેને વધુ અસરકારક બનાવી છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે યોજાયેલા વેબીનારને વિડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ઇ-કોમર્સ ક્ષેત્રે અયોગ્ય વેપાર પદ્ધતિઓ સામે ગ્રાહકોને પૂરતું રક્ષણ આપવા માટે સરકારે ઇ-કોમર્સ ગ્રાહક સુરક્ષા ધારામાં કરેલા સુધારાઓ ઉપયોગી થયા છે. આ સુધારા મુજબ ફરિયાદ નિવારણની પ્રક્રિયા એક તબક્કામાં થતી હોવાથી ગ્રાહકો વધુ અધિકાર સંપન્ન બન્યા છે.

શ્રી જોશીએ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા લેવાઇ રહેલા વિવિધ પગલાંઓની વિગતો આપી હતી અને જણાવ્યું હતું કે ટકાઉ ઉત્પાદનો વાજબી ભાવે ગ્રાહકોને મળી રહે તે માટે  સરકાર સતત પ્રયાસ કરી રહી છે.

પર્યાવરણ રક્ષણના ભાગરૂપે ઉત્પાદકો પર્યાવરણને અનુકૂળ પદ્ધતિ અપનાવે તે માટે સરકાર ઉત્પાદકોને પ્રોત્સાહન આપી રહી છે.

. . . . . . . . . . . . . . .

## REV. DAY ASHWINI VAISHNAV - TAMIL NADU VISIT

કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ દ્વારા અદ્યતન ટેક્નોલોજી ક્ષેત્રે શરૂ કરાતા નવા સ્ટાર્ટઅપના વિકાસ માટે સંપૂર્ણ સહકાર આપશે. કેન્દ્રીય માહિતી અને ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે અદ્યતન ટેક્નોલોજીની

મદદથી પ્રોટોટાઇપના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા વિદ્યાર્થીઓને સૂચન કર્યું હતું. તમિલનાડુના થૈયુર ખાતે આઇઆઇટીના વિદ્યાર્થીઓ દ્વારા હાયરલૂપ ટ્રેન પ્રોજેક્ટ અંગે રજૂ કરાયેલા પ્રેઝન્ટેશન બાદ તેમની સાથે સંવાદ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી વૈષ્ણવે શ્રીપેરમ્બુદુર ખાતે ઝેટવર્ક ઇલેક્ટ્રોનિક્સના નવા સંકુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અને કહ્યું હતું કે ભારતે વિજાણુ ક્ષેત્રની નિકાસમાં વિશ્વમાં બીજું સ્થાન મેળવ્યું છે.

આ પ્રસંગે તેમણે એક હજાર 112 કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે શ્રીપેરમ્બુદુર ખાતે બે નવા વિજાણુ ઉદ્યોગો સ્થાપવાની જાહેરાત કરી હતી.

--------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## RBI DIGITAL TRANSFORMATION AWARD

ઇંગ્લેન્ડની સેન્ટ્રલ બેન્કીંગ સંસ્થાએ ડિજીટલ પરિવર્તન પુરસ્કાર 2025 માટે ભારતીય રિઝર્વ બેન્ક – RBI ની પસંદગી કરી છે.

RBI એ પોતાના નિષ્ણાતોની સમિતિ દ્વારા શરૂ કરેલી પ્રવાહ અને સારથી પહેલ માટે RBI ને ડિજીટલ પરિવર્તન પુરસ્કાર 2025 અપાશે.

પુરસ્કાર આપનાર સંસ્થાએ નોંધ્યું છે કે RBI ની પ્રવાહ અને સારથી પહેલના કારણે કાગળનો વપરાશ ઓછો કરવામાં અને આ ક્ષેત્રની કામગીરી સરળ બનાવવામાં મદદ મળી છે.

જાન્યુઆરી 2023માં શરૂ કરાયેલી સારથી પહેલના કારણે દસ્તાવેજોનો સંગ્રહ અને આદાનપ્રદાન વધુ સલામત અને ઝડપી બન્યું છે.

એવી જ રીતે ગત વર્ષે મે મહિનામાં શરૂ કરાયેલી પ્રવાહ પહેલ અરજદારોને વિવિધ પ્રકારની 70 અરજીઓ ડિજીટલ સ્વરૂપમાં સલામત રીતે RBI ને મોકલવામાં મદદરૂપ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## VIPUL GOYAL HISAR AIRPORT

હરિયાણાના હિસાર ખાતે ટૂંક સમયમાં વિમાનમથક કાર્યરત થશે. આ માટે ભારતીય વિમાનમથક સત્તામંડળ દ્વારા મંજુરી આપવામાં આવી છે. હરિયાણાના નાગરિક ઉડ્ડયન મંત્રી વિપુલ ગોયલે જણાવ્યું હતું કે હિસારથી અમદાવાદ, અયોધ્યા, જયપુર, અને દિલ્હીના ઉડ્ડયનો શરૂ કરાશે.

ઉલ્લેખનીય છે કે હરિયાણા સરકારે હિસાર વિમાનમથક માટે 503 કરોડ રૂપિયાના ખર્ચે  પેસેન્જર ટર્મિનલ બાંધવાની કામગીરી હાથ ધરી છે.

. . . . . . . . . . . . . . .

## MANDAVIYA FIT INDIA CARNIVAL

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા આવતીકાલે દિલ્હીમાં ફીટ ઇન્ડિયા કાર્નિવલનું ઉદ્ઘાટન કરશે.

તંદુરસ્ત જીવનશૈલી અને સ્થૂળતામુક્ત દેશની સંકલ્પના મુજબ શરૂ કરાયેલી ફીટ ઇન્ડિયા ચળવળ મુજબ તંદુરસ્ત અને સક્રિય જીવન પદ્ધતિને પ્રોત્સાહન આપવા દિલ્હીમાં 3 દિવસ માટેનો ફીટ ઇન્ડિયા કાર્નિવલ આવતીકાલથી યોજાશે.

આ કાર્નિવલમાં દોરડા કૂદ, એક જ સ્થળે સાયક્લીંગ, જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન અપાશે. આ પ્રસંગે આગામી 20મી માર્ચથી દિલ્હીમાં યોજાનાર ખેલો ઇન્ડિયા પેરા રમતોત્સવના લોગોનું અનાવરણ અને રમતોત્સવના ખાસ ગીતની પ્રથમ પ્રસ્તુતિ કરાશે.

. . . . . . . . . . . . . . .

## INDIAN WELLS : TENNIS

રશિયાની 17 વર્ષીય ટેનિસ ખેલાડી મીરા આંદ્રિવાએ ગત વર્ષની વિજેતા ઇગા સ્વાઇતેકને પરાજય આપીને ઇન્ડિયન વેલ્સ ટેનિસ સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રમાયેલી સેમીફાઇનલમાં મીરાએ સ્વાઇતેકને 2-1 સેટથી પરાજય આપીને મોટો ઉલટફેર સર્જ્યો છે.

આવતીકાલે રમાનારી સ્પર્ધાની ફાઇનલમાં મીરા આંદ્રિવા અને ટોચનો ક્રમાંક ધરાવતી આર્યના સબાલેન્કા વચ્ચે મુકાબલો થશે. સબાલેન્કાએ બીજી સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલિયાની મેડીસન કી સામે વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

## WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ફાઇનલમાં આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

મેગ લેનિંગની કેપ્ટનશીપ હેઠળ, દિલ્હી કેપિટલ્સે આઠમાંથી પાંચ મેચ જીતી છે. દિલ્હી કેપિટલ્સે પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. **દિલ્હી અને મુંબઇ બીજી વાર ડબલ્યુપીએલની ફાઇનલમાં પ્રવેશ્યા છે**.

આ દિલ્હી કેપિટલ્સનો સતત ત્રીજો ફાઇનલ મુકાબલો છે. ટીમ હજુ સુધી ચેમ્પિયનશિપ જીતી શકી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TELANGANA - SURRENDER

તેલંગણામાં પ્રતિબંધિત સીપીઆઇ માઓવાદી પક્ષના 64 સભ્યોએ પોલીસ વડા સામે આત્મસમર્પણ કર્યું છે.

આઇજીપી ચંદ્રશેખર રેડ્ડીએ જણાવ્યું હતું કે આજે પ્રતિબંધિત સંગઠનના 48 પુરૂષ, અને 16 મહિલા સભ્યોએ આત્મસમર્પણ કર્યું છે. આત્મસમર્પણ કરનાર દરેકને 25 હજાર રૂપિયાની સહાય અપાશે. તેમજ તેમના પુનર્વસનમાં પોલીસ વિભાગ મદદરૂપ થશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા બે મહિનામાં પ્રતિબંધિત સંગઠનના 122 સભ્યોએ આત્મસમર્પણ કર્યું છે.

. . . . . . . . . . . . . . . .